RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૨ | ઓગષ્ટ - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



"ૐકાર નમો નમઃ, પ્રણવબ્રહ્માય નમો નમઃ
નાદબ્રહ્માય નમો નમઃ, સૃષ્ટિકર્તા ૐકાર"



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી દ્વારા સર્જિત તેમજ તેમની પાવનનિશ્રામાં યોજાનાર

# ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજન

આપ સૌની આભામાં આકસ્મિક ધનલાભ માટે કુદરતે સુત્રામણઊર્જા આપેલી છે. આ ઊર્જા સક્રિય કરી આપ આકસ્મિક ધનલાભ પ્રાપ્ત કરી શકો તે માટે આ મહાપૂજન કરાવવામાં આવશે.

આપ સૌ ભક્તજનોએ આ અમૂલ્ય અવસરનો લાભ લઇ આકસ્મિક ધનલાભની પ્રાપ્તિની દિશામાં આગળ વધવાનો લાભ અવશ્ય લેવો.

શુભ તારીખ : ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ - રવિવાર

શુભ સમય : બપોરે ૩ થી ૫ કલાક સુધી

શુભ સ્થળ : અન્નપૂર્ણા હોલ, આંગી ફલેટની સામે,
ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

સંપર્ક સૂત્રઃ 9429208997



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્દષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્દગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

**સદ્દગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓગષ્ટ -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૨
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આ વખતના અંકમાં શ્રી ગણેશ ચતુર્થીની સાધના, સંવત્સરીની મંત્રસાધના, ગુરૂપૂર્ણિમા મહાપર્વની દિવ્ય ઝલક, ભક્ત અનુભવ તેમજ સદ્દગુરુ ૐઋષિ સ્વામીના સંસ્મરણ - જંગલની કસ્તુરીનો સમાવેશ આપ સર્વ ભક્તજનોના હિતાર્થે કરવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ વખતથી શ્રી સૂર્યવિદન્ત્યદેવની કથા લઈ શકાઈ નથી તે આવતા અંકમાં જરૂરથી લેવામાં આવશે. આપ સર્વ ભક્તજનોના કલ્યાણાર્થે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સદ્દગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલ પર મંત્રો અને મંત્રશક્તિપાત આપવામાં આવે છે જેનો લાભ આપ સૌ ભક્તજનો અવશ્ય લેશો.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત એક દેશભક્તિ ગીત પ્રસ્તુત કરી રહ્યો છું.

## ‘જય હિન્દુસ્તા’

જય હિન્દુસ્તા, જય હિન્દુસ્તા... જય ભારત મા, જય ભારત મા
લડવું છે લડવું છે હિંમતથી લડવું છે,
છે લોહીમાં મારા આગ, એ લઈ દુશ્મનને અડવું છે;
કસી કમર આ સામે પડવું છે, લડવું છે લડવું છે હિંમતથી લડવું છે.

જે કરવું પડે એ કરવું છે, ના દુશ્મનથી જરા ડરવું છે;
તરવું જો પડે લડતા લડતા, લોહીની નદીમાં તરવું છે.
જય હિન્દુસ્તા, જય હિન્દુસ્તા... જય ભારત મા, જય ભારત મા

જો જિદ્દ પર અમે આવી જઈએ, શિશ શત્રુનું કાપી લઈએ;
સરહદ આવે આંચ કોઈ, તો શહીદ પણ હસતાં થઈએ.
જય હિન્દુસ્તા, જય હિન્દુસ્તા... જય ભારત મા, જય ભારત મા

અમે કફન બાંધી નીકળ્યા ઘરથી, શત્રુ કાંપે થરથર ડરથી;
જો કપાઈ લડતા શિશ પડે, તો રણભૂમિમાં દેહ લડે.
અમે પાડી ત્રાડ સામે પડીએ, દુશ્મન ન મરે ત્યાં લગ લડીએ;
આ બુંદ બુંદ લોહીની કહે, લડ નદીઓ છો લોહીની વહે.
જય હિન્દુસ્તા, જય હિન્દુસ્તા... જય ભારત મા, જય ભારત મા

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# ગુરુપૂર્ણિમાના પાવન અવસર નિમિત્તે
## સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના મહાદર્શનની પાવન ઝલક






























## સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પૂનમ મહાદર્શનની પ્રક્રિયાથી થતા લાભ

(૧) ઘંટનાદથી દર્શનાર્થીના ઓરામાં સકારાત્મક ઊર્જાની ઉત્પત્તિ થાય છે.

(૨) કપાળ ઉપર તિલક કરવાથી દર્શનાર્થીની ઓરા ઊર્જાયુક્ત બને છે.

(૩) સિ.દ્ધ બ્રેસલેટ હાથમાં ધારણ કરવાથી દર્શનાર્થીના શરીરમાંથી સકારાત્મક ઊર્જા બહાર નીકળી જતી નથી.

(૪) પ. પૂ. ગુરુજીના ઊર્જાયુક્ત આશીર્વાદ લેવાથી સકારાત્મક ઊર્જાથી દર્શનાર્થીની મનોકામનાસિદ્ધિ થાય છે.

(૫) પ.પૂ. ગુરુજીના પાદુકા દર્શનથી દર્શનાર્થીના કાર્ય સીધા થવાના રસ્તા ખુલે છે.

(૬) દર્શનાર્થી જ્યારે પ્રકાશપુંજ ઉપર જમણા હાથનો અંગૂઠો મુકી મનોકામના કરી મંત્ર કરે છે ત્યારે મનોકામનાપૂર્ણ થવાની ઝડપ વધી જાય છે.

(૭) પ. પૂ. ગુરુજી દ્વારા આપવામાં આવતી સિ.દ્ધપ્રસાદીરૂપી ભેટથી દર્શનાર્થીની મનોકામનાપૂર્તિ સફળ બને એવી દિશા તૈયાર થાય છે.

(૮) પવિત્ર ધાગાબંધનથી દર્શનાર્થીની સકારાત્મક ઊર્જા અને મનોકામના પરિપૂર્ણ થાય એ પ્રક્રિયાનો એક ભાગ છે.

(૯) પ.પૂ. ગુરુજીને દંડવત કરવાનો લાભ લેવાથી ઊર્જા પૂનમ થી પૂનમ સુધી સકારાત્મક અને કાર્યસિદ્ધિ માટે તૈયાર રહે છે.

(૧૦) પૂનમ થી પૂનમ સુધી કરવાનો સિદ્ધ પવિત્ર શબ્દ આખા મહિનાના આપના કાર્યોને વેગ આપે છે

|| ૐ નમઃ ||

# ઘરે બેઠા ભગવાન શ્રીગણેશની સાધના કરી આપના ઘરમાં લક્ષ્મીનો વાસ થાય એ માટેની ગણેશ ચતુર્થીના દિવસથી શરૂ કરવાની ચમત્કારિક મંત્રસાધના

ગણેશ ચતુર્થી હિન્દુ ધર્મના પ્રમુખ તહેવારોમાંનો એક તહેવાર છે. આ તહેવાર ભાદરવા મહિનાની શુક્લ ચતુર્થીનાં દિવસે ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થી પ્રથમ પૂજ્ય ભગવાન શ્રી ગજાનનનો પર્વ છે. આ પવિત્ર દિવસે બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ અને સૌભાગ્યના દેવતાના રૂપે ભગવાન શ્રી ગણેશજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર ગણેશજીનો જન્મ ભાદ્રપદની શુક્લપક્ષની ચતુર્થીના મધ્યાહ્‌ન સમયે સ્વાતિ નક્ષત્ર અને સિંહ લગ્નમાં થયો હતો. એ માટે આ મુખ્ય ગણેશ ચતુર્થી અથવા વિનાયક ચતુર્થી તરીકે ઓળખાય છે.

ગણેશ ચતુર્થી શા માટે મનાવવામાં આવે છે? તે માટે એવું કહેવાય છે કે..., સૃષ્ટિના આરંભ સમયે જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે પ્રથમ પૂજ્ય કોને માનવામાં આવે? તો દેવતાઓ ભગવાન શિવ પાસે પહોંચ્યા ત્યારે શિવજીએ કહ્યું કે સંપૂર્ણ પૃથ્વીની પરિક્રમા જે સૌથી પહેલા કરી લેશે તેને જ પ્રથમ પૂજ્ય માનવામાં આવશે. આ રીતે બધા જ દેવતાઓ પોત-પોતાના વાહનોમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા (પરિક્રમા) કરવા નીકળી પડ્યા. જ્યારે ભગવાન શ્રી ગણેશજીનું વાહન તો ઉંદર છે અને તેનું શરીર સ્થૂળ છે તો ભગવાન શ્રીગણેશજી કેવી રીતે પરિક્રમા કરી શકે. ત્યારે ભગવાન ગણેશજીએ પોતાની બુદ્ધિ અને ચાતુર્યથી પોતાના પિતા ભગવાન શિવજી અને માતા પાર્વતીની ત્રણ પરિક્રમા પૂરી કરી અને બે હાથ જોડીને ઊભા રહી ગયા. ત્યારે ભગવાન શિવજીએ ગણેશજીને કહ્યું કે, તારાથી વધુ મહાન અને બુદ્ધિમાન આ પૂરા સંસારમાં કોઈ નથી. માતા અને પિતાની ત્રણ પરિક્રમા કરીને તે સંપૂર્ણ ત્રણેય લોકની પરિક્રમા પૂર્ણ કરી લીધી છે અને તેનું ફળ તને મળી ગયું જે પૃથ્વીની પરિક્રમા કરતા પણ મોટું છે.



માટે જે કોઈ મનુષ્ય કોઈપણ કાર્યનો આરંભ કરશે તે પહેલા તારી પૂજા-અર્ચના કરશે અને આ રીતે કરવાથી તે મનુષ્યને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે. બસ, ત્યારથી ભગવાન શ્રીગણેશજી પ્રથમ પૂજ્ય ગણાવા લાગ્યા અને તેમની પૂજા બધાં જ દેવી-દેવતાઓથી પહેલા થવા લાગી.

ગણપતિ - ગણ+પતિ. 'પતિ' એટલે કે પાલન કરનાર. 'ગણ' શબ્દના વિભિન્ન અર્થ છે - મહર્ષિ પાણિની અનુસાર : 'ગણ' એટલે અષ્ટ વસુઓનો સમૂહ. વસુ એટલે દિશા, દિકપાલ (દિશાઓના સંરક્ષક) એટલે અહીં ગણપતિનો અર્થ થયો દિશાઓના પતિ, સ્વામી. ગણપતિની અનુમતિ વિના કોઈપણ દેવતાનું કોઈપણ દિશામાંથી આગમન નથી થઈ શકતું. માટે કોઈપણ શુભ, મંગલ કાર્યની શરૂઆતમાં ગણપતિ પૂજન પ્રથમ કરવું અનિવાર્ય ગણાય છે. ગણપતિ પૂજન દ્વારા સર્વ દિશાઓના મુક્ત થવાની જ પૂજિત દેવતા પૂજા સ્થાન પર બિરાજમાન થઈ શકે છે. આ વિધિને મહાદ્વાર અથવા મહાગણપતિ પૂજન કહેવામાં આવે છે.

ભાદ્રપદની ચતુર્થીથી દસ દિવસ સુધી અર્થાત્ અનંત ચતુર્થી સુધી ગણેશ ચતુર્થીનો આ ઉત્સવ મનાવાય છે. દરેક ઘર, ગલી, મહોલ્લાઓમાં ગણપતિ ભગવાનની પૂજા, અર્ચના, આરાધના, આરતી તેમજ અનેક કાર્યક્રમોનું આયોજન આ તહેવારને એકદમ ભક્તિમય બનાવી છે. ત્રણ, પાંચ, સાત કે દસ દિવસ પછી મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. તેની પાછળ પણ એવી માન્યતા છે કે જેવી રીતે મહેમાન ઘરે આવે તો કાંઈને કાંઈ લઈને આવતા હોય છે તેવી

જ રીતે ભગવાન શ્રી ગણેશજીને આપણે આમંત્રિત કરીએ છીએ ત્યારે તે ઘરમાં સુખ-સમૃદ્ધિ અને ખુશહાલી લઈને આવે છે જે કાયમ રહે છે. માટે શ્રદ્ધાળુઓ દ્વારા દર વર્ષે પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે ભગવાન શ્રીગણેશજીને પોતાના ઘરે આમંત્રિત કરવામાં આવે છે અને ભક્તિભાવ સાથે પૂજા, અર્ચન, આરાધના કરવામાં આવે છે.

આ રીતે ભગવાન શ્રી ગણેશજી પ્રથમ પૂજ્ય અને વિઘ્નહર્તા દેવ ગણાય છે. રિદ્ધિ-સિદ્ધિ અને ઐશ્વર્ય-સમૃદ્ધિ પ્રદાન કરનાર ભગવાન શ્રીગણેશજીની ભક્તિનો આ મહાપર્વ પૂરા ભારતમાં ખૂબ જ ધામધૂમ સાથે ઉજવવામાં આવે છે.


દર વર્ષે હું આપ સૌ ભક્તજનોને ગણેશ ચતુર્થીના દિવસથી કરવાની સાધના આપુ છું અને આજે પણ આ વખતે ગણેશચતુર્થીના દિવસથી કરવાની સાધના આપી રહ્યો છું, જેનાથી આ વર્ષ દરમિયાન ભગવાન શ્રી ગણેશની કૃપા આપ સર્વ પર સદાય બની રહે.

**આ વખતે ગણેશ ચતુર્થી તારીખ : ૭-૯-૨૦૨૪, શનિવારના રોજ છે.**

## ગણેશ ચતુર્થીના દિવસથી ૧૮ દવિસ કરવાની મંત્રસાધના માટેની માહિતી

સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. ત્યારબાદ એના ઉપર પીળા કલરનું વસ્ત્ર પાથરવું અને એ વસ્ત્ર ઉપર કંકુનો સ્વસ્તિક કરવો. ત્યારબાદ સ્વસ્તિકની બરાબર ઉપર એક મુઠ્ઠી મગની ઢગલી કરવી અને એ ઢગલી ઉપર પાંચ આખી સોપારી મુકવી. ત્યારબાદ નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૨૭ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

### ૐ શ્રી ભગવાન શ્રીગણેશ સિદ્ધ ચક્ર




**મંત્ર**

**॥ ૐ ગણેશાય વાદિત વાદિત રક્ષામિ નમઃ ॥**

- *કેટલા દિવસની સાધના? :* આ સાધના સ્થાપન કર્યાનાં કુલ ૧૮ દિવસ કરવી. વચ્ચે કોઈ દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને સાધના પૂરી કરવી.
- *સ્થાપન કરવાનો સમય :* ગણેશ ચતુર્થીના દિવસે સવારે ૭ થી ૧૦ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.
- *સાધના કરવાનો સમય :* કોઈપણ સમયે કરી શકાય.
- *વસ્ત્ર કયા પહેરવા? :* કોઈપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી જ વસ્તુ ચક્ર સાથે કોઈપણ ઝાડ કે છોડમાં વિસર્જન કરી દેવી.

**ખાસનોંધ:** પ. પૂ. ગુરુજી દ્વારા સિદ્ધ ૨૭ મણકાની માળા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી મળી શકશે.

॥ ૐ નમઃ ॥



# ગણેશ ચતુર્થીમાં ગણેશજી - લક્ષ્મીજીની પધરામણી કરાવવાની વિધિ

## (દરેક વિધીનો પ્રારંભ શુભ મુહૂર્તમાં કરવો.)

સૌપ્રથમ ઘરનાં મુખ્ય વ્યક્તિ અને તેના પત્ની તથા સંતાનોએ કુમકુમ તિલક કરવું. અન્ય કુટુંબીજનો અને તે સમયે હાજર સૌને પણ તિલક કરી શકાય તો કરવું.

એક પાટલા/ ટેબલ કે બાજઠ પર લાલ કપડું પાથરવું.

ગણપતિ દાદાની મૂર્તિ પધરાવવાની હોય તે સ્થાને (શક્ય હોય તો મધ્યમાં) અક્ષત (ચોખા) ની નાનકડી ઢગલી કરવી. આ ચોખાની ઢગલી પર જ ભગવાન ગણપતિની મૂર્તિ બિરાજમાન કરવાની હોવાથી મૂર્તિ ક્યાંયથી ડગમગ ના થાય એ ધ્યાનમાં રાખીને પ્રમાણસર ચોખા લેવા અને બધી તરફ એકસરખો જથ્થો રહે એવી ઢગલી કરવી.

ત્યારબાદ શુદ્ધ ભાવ સાથે ઘરના પુરૂષે એ ચોખાની ઢગલી પર ગણપતિ ભગવાનને બેસાડવા.

તે પછી ઘરની સ્ત્રીએ ગણપતિદાદાને લાલ અથવા લીલા અથવા ગુલાબી રંગનો ખેસ અથવા વાઘા પહેરાવવા. તે પછી ગણપતિને શણગાર માટેના દાગીના પહેરાવવા. તે પછી ગણપતિદાદાના જમણા હાથે/કાંડા પર લાલ રંગનો દોરો બાંધવો અને ત્યારબાદ ગણપતિના તૂટેલા દાંત પર કુમકુમનો ચાંલ્લો કરવો. આ બધું જ ઘરની સ્ત્રીએ કરવાનું રહેશે, અથવા તો તુલા રાશી ધરાવતી કુંવારીકાના હસ્તે કરાવી શકાય.

આટલી વિધિ બાદ પાંચથી દસ મિનિટ સુધી સૌએ ગણપતિ સન્મુખ ઊભા રહીને પોતાની શુદ્ધ મનોકામના પૂર્ણ કરવા માટે અને કોઈ વિઘ્ન/ અડચણ હોય તો તે દૂર કરવા માટે ગણપતિદાદા પાસે ભક્તિભાવપૂર્વક મનોમન પ્રાર્થના કરવી.

તે પછી ઘરના પુરૂષે કે પતિ-પત્નિ બંનેએ નીચે આપેલા ૬ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી.

**(૧) ॥ ૐ ત્રાવત્ય ગણેશાય નમઃ ॥**

**(૨) ॥ ૐ વાવલ્ય ગણેશાય નમઃ ॥**

**(૩) ॥ ૐ ગં ગણપતયે નમઃ ॥**

**(૪) ॥ ૐ વાદીતા રિદ્ધિ સિદ્ધિ શ્રુપલ્ય નમઃ ॥**

**(૫) ॥ ૐ ગણેશાય તુર્ગમ નમઃ ॥**

**(૬) ॥ ૐ શિવા શિવા વૃંદમ નમો નમઃ ॥**

# લક્ષ્મીજીની પધરામણી માટેની વિધિ



ગણપતિની ડાબી બાજુ એક પાટલા કે બાજઠ પર પીળું વસ્ત્ર મૂકવું.
ઘરની સ્ત્રી કે કન્યાના હસ્તે તેના પર લક્ષ્મીજીની મૂર્તિ મૂકવી.
લક્ષ્મીજીને પીળું વસ્ત્ર પહેરાવવું. લક્ષ્મીજીને પીળા કલરનું તિલક કરવું.
તેમના પગ પાસે પાંચ કમળના ફૂલ બિરાજમાન કરાવવા.
તે પછી પતિ-પત્નિએ નીચે મુજબના ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા.
શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી.

**(૧) ॥ ૐ વાજલ્યલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૨) ॥ ૐ સૂર્યલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૩) ॥ ૐ અષ્ટલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૪) ॥ ૐ કાર્યલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૫) ॥ ૐ શુક્તાલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૬) ॥ ૐ મહાલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૭) ॥ ૐ વરદાયિની લક્ષ્મી દેવી નમઃ ॥**
**(૮) ॥ ૐ શુભલક્ષ્મી દેવી નમઃ ॥**
**(૯) ॥ ૐ અન્નતાલક્ષ્મી દેવી નમઃ ॥**

ત્યારબાદ બે વખત ૐકાર ચાલીસાનું રટણ કરવું.

## ॥ ૐ શ્રી ગણેશજી અને લક્ષ્મીજીના ઉત્થાપનની વિધિ ॥

સંકલ્પ મુજબ દોઢ/ત્રણ/પાંચ/સાત કે દસ દિવસ સુધી શ્રી ગણેશજી અને લક્ષ્મીજીની ઘેર પધરામણી કરાવ્યા બાદ તેમને વળાવવાના દિવસે ઉત્થાપનની વિધિ નીચે મુજબ છે.

શ્રી ગણેશજીના ઉત્થાપન માટે અગાઉ આપેલા છ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારનાં આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**॥ ૐ શુમાંતુ શુમાંતુ ગણપતયે નમો નમઃ ॥**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી ગણપતિદાદાની મૂર્તિને સહેજ ખસેડવી.

## ॥ શ્રી લક્ષ્મીજીના ઉત્થાપન માટે ॥

અગાઉ આપેલા ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**॥ ૐ પ્રાં પ્રીં પ્રૌં લક્ષ્મીદેવી ત્રુમ ત્રુમ નમઃ ॥**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી લક્ષ્મીજીની મૂર્તિને સહેજ ખસેડવી.

(ગણેશજીની મૂર્તિ જળમાં પધરાવવાની હોય છે. લક્ષ્મીજીની મૂર્તિ આરસ કે ચાંદીની હોય તો પધરાવવાની રહેતી નથી. પણ નિત્ય પૂજામાં કે પવિત્ર સ્થાને મૂકી દેવાની રહે.)

॥ ૐ નમઃ ॥



# પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

પર્યુષણ મહાપર્વ માત્ર જૈનોના તહેવાર તરીકે નહીં પરંતુ, આ સાર્વભૌમ પર્વ છે. કારણકે તેમાં આત્માની ઉપાસના કરવામાં આવે છે. આ પર્યુષણ પર્વ એકમાત્ર એવો તહેવાર છે જેમાં આત્મરત્ થઈને વ્યક્તિ આત્માર્થી બને છે તેમજ અલૌકિક, આધ્યાત્મિક આનંદના શિખર પર આરોહણ કરતાં-કરતાં મોક્ષગામી થવાનો સદ્‌પ્રયાસ કરે છે.

પર્યુષણ પર્વનું પોતાનું અપૂર્વ તેમજ એક વિશિષ્ટ આધ્યાત્મિક મહત્ત્વ છે. આ આત્મશુદ્ધિનો પ્રેરક તહેવાર છે માટે આ પર્વ નહીં પરંતુ, મહાપર્વ ગણાય છે. પર્યુષણ પર્વ એટલે જપ, તપ, સાધના, આરાધના, ઉપાસના, અનુપ્રેક્ષા જેવા અનેક પ્રકારના અનુષ્ઠાનોનો અવસર છે. "પર્યુષણ પર્વ અંતરાત્માની આરાધનાનો પર્વ છે." આત્મશોધન માટેનો તહેવાર છે.

પર્યુષણ પર્વનો શાબ્દિક અર્થ છે - આત્મામાં સ્થિત થવું. પર્યુષણ એટલે **"परिसमन्तात समग्रतया उषणं वसनं निवासं करणं ।"** પર્યુષણનો એક અર્થ છે - કર્મોનો નાશ કરવો. કારણકે જ્યારે કર્મરૂપી શત્રુઓનો નાશ થશે ત્યારે જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત થશે. પર્યુષણ મહાપર્વ એ આધ્યાત્મિક પર્વ છે, જેનું કેન્દ્રિય તત્ત્વ છે "આત્મા". આત્માના નિરામય, જ્યોતિર્મય સ્વરૂપને પ્રગટ કરવામાં આ મહાપર્વ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

ભાદરવા મહિનામાં પર્યુષણ પર્વ મનાવાય છે. શ્વેતાંબર સંપ્રદાયના પર્યુષણ ૮ દિવસ ચાલે છે. આઠમા દિવસે સંવત્સરી મહાપર્વ મનાવવામાં આવે છે. આ દિવસે યથાશક્તિ ઉપવાસ રાખવામાં આવે છે. પર્યુષણ પર્વની સમાપ્તિ એટલે કે પૂર્ણાહૂતિ પર ક્ષમાયાચના પર્વ મનાવવામાં આવે છે. દિગંબર સંપ્રદાયમાં ૧૦ દિવસ પર્યુષણ

મનાવાય છે. તેમને તેઓ 'દસલક્ષણ ધર્મ'ના નામથી પણ ઓળખે છે. દસ લક્ષણ એટલે ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ પ્રાપ્તિ, ઉત્તમ બ્રહ્મચર્ય તથા અંતિમ દિવસે ક્ષમાવાણીના રૂપમાં મનાવાય છે.

પર્યુષણ પર્વ આત્મ જાગરણનો સંદેશ આપે છે અને આપણી સૂતી આત્માને જગાડવાનો તહેવાર છે. આ તહેવાર મૈત્રી અને શાંતિનો સંદેશ આપે છે. ક્ષમાયાચનાનો તહેવાર ગણાય છે. ભારતીય સંસ્કૃતિનો મૂળ આધાર તપ, ત્યાગ અને સંયમ છે. સંસારના બધાં જ તીર્થો જે રીતે સમુદ્રમાં સમાહિત થઈ જાય છે. તેવી જ રીતે દુનિયાભરનાં સંયમ, સદાચાર તેમજ શીલ, બ્રહ્મચર્યમાં સમાહિત થઈ જાય છે. મનુષ્યની સુષુપ્ત પડેલી આત્મિક ચેતનાને જાગ્રત કરવા, આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર, સામાજિક સદ્‌ભાવના તેમજ સર્વ ધર્મ સમભાવનાં કથનને બળ પુરૂ પાડવા માટે પર્યુષણ પર્વ મનાવવામાં આવે છે. આ પર્યુષણ આત્મમંથનનો તહેવાર છે. જેમાં તે સંકલ્પ લેવામાં આવે છે કે પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે જીવમાત્રને ક્યારેય પણ કોઈપણ પ્રકારનું કષ્ટ ન પહોંચાડવું અને કોઈનાથી પણ વેરભાવ, ઈર્ષા ન રાખવા. સંસારના સમસ્ત પ્રાણીઓથી જાણતાં-અજાણતાં થયેલી કોઈપણ ભૂલચૂક બદલ ક્ષમાયાચના કરીને દરેકનાં મંગલ માટે કલ્યાણ માટે કામના કરવામાં આવે છે.

આ મહાપર્વ પર્યુષણ ભગવાન મહાવીર સ્વામીના મૂળ સિદ્ધાંત "अहिंसा परमो धर्म" અને "जीयो और जीने दो" ની રાહ પર ચાલવાનું શીખવે છે. આ પર્વાનુસાર संपिक्खए अप्पगमप्पएणं અર્થાત્ આત્મા દ્વારા આત્માને જોવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જૈન ધર્મની પરંપરા અનુસાર પર્યુષણ પર્વના અંતિમ દિવસ એટલેકે ક્ષમાવાણી દિવસ પર બધાં એકબીજાને "मिच्छामि दुक्कडम्" કહીને ક્ષમા માંગે છે. આ રીતે પર્યુષણ પર્વ એ આત્મશુદ્ધિની સાથે આત્મામાં રહેલી મલીનતાને દૂર કરીને આત્માને જાગૃત કરવાનો તહેવાર છે. આત્મચિંતન તેમજ સદ્‌માર્ગ પર ચાલવાનો આ તહેવાર ભારત ઉપરાંત વિદેશોમાં પણ ખૂબ જ આસ્થા, ભક્તિ અને આરાધના સાથે ઉજવવામાં આવે છે.

## પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની દિવ્ય મંત્રસાધનાની માહિતી

પર્યુષણના દિવસથી નીચે આપેલા મંત્રની એક માળા ૦૮ દિવસ સુધી કરવી. આ મંત્ર આપ સિદ્ધ કરવા માંગતા હોય તો છ મહિનામાં ૩૬૦૦૦ વખત કરવો. આ મંત્ર કોઈપણ સમયે ગમે તે જગ્યાએ બેસીને થઈ શકે છે.

**મંત્ર**

**|| ૐ મહાવીરાય સિદ્ધમ સિદ્ધમ મોક્ષમ નમઃ ||**

(આ મંત્રની એક માળા કરવી)

**ખાસનોંધ**

પ. પૂ. ગુરુજી દ્વારા સિદ્ધ ૧૦૮ મણકાની માળા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી મળી શકશે.

# જંગલની કસ્તૂરી

## (સંપૂર્ણ સત્ય ઘટના)

કુદરતે આ સમગ્ર બ્રહ્માંડ બનાવ્યું છે એમાં આપણી પૃથ્વીને ઉત્તમ બનાવી છે. પરંતુ જો કશું જોવા જેવું અને માણવા જેવું આ પૃથ્વી પર હોય તો મારી દૃષ્ટિએ એ જંગલો જ છે.

જંગલોના નૈસર્ગિક સૌંદર્યમાં મને હંમેશા ઈશ્વરની ઉપસ્થિતિની અનુભૂતિ થાય છે.

ડાંગ જિલ્લાના જંગલના પ્રવાસમાં આ અનુભૂતિ મને અનેક વખત થતી રહી હતી. હું અને મારો મિત્ર આદિવાસીઓના સરપંચ પીરમલ જોડે આજે દિવ્ય અને અલૌકિક જડીબુટ્ટીની શોધમાં ગીચોગીચ એવા ડાંગ જંગલમાં પસાર થઇ રહ્યા હતાં.



સૌથી આગળ પીરમલના બે માણસો હાથમાં ભાલા સાથે ચાલી રહ્યા હતાં. વચ્ચે પીરમલ અને પીરમલની પાછળ હું અને મારો મિત્ર ધીરે-ધીરે જંગલમાં આગળ વધી રહ્યા હતાં.

“આજે હું તમને જે જોઇએ છે એ જડીબુટ્ટી બતાવતા પહેલા જંગલની કસ્તુરીના દર્શન કરાવવા લઇ જઇ રહ્યો છું.” પીરમલે મારી સામે જોઇને કહ્યું હતું.

“જંગલની કસ્તુરી? હરણની કસ્તુરી હોય એવું મને ખબર છે પણ જંગલની કસ્તુરી હોય એવું તો પહેલીવાર સાંભળ્યું.” મેં પીરમલ સામે જોઇને કહ્યું હતું.

“આ જંગલમાં તો એટલી બધી અલૌકિક અને દિવ્ય ઔષધિઓ તેમજ જડીબુટ્ટીઓ છે કે જેનો સાચી રીતે ઉપયોગ કરવામાં આવે તો ન ધારેલા કાર્યો પણ પૂરા થાય અને અસાધ્ય રોગો પણ મટી જાય.” પીરમલે મારી સામે જોઇ હસતાં હસતાં કહ્યું હતું.

જંગલની કસ્તુરી કેવી લાગતી હશે એના વિચારોમાં હું ખોવાઇ ગયો હતો.

“પેલી મોટી શીલા દેખાય છેને ત્યાં અમારા વનદેવતાએ પ્રગટ થઇને અમારા કેટલાંય પવિત્ર આદિવાસીઓને દર્શન આપ્યા છે.” પીરમલની વાત સાંભળી હું મારા વિચારોમાંથી બહાર આવ્યો.

“તમારા વનદેવતા દેખાય છે કેવા? ” મારા મિત્રએ અચાનક પીરમલને સવાલ પૂછ્યો હતો.

પીરમલે મારા મિત્ર સામે જોયું. એને આ સવાલ ગમ્યો હતો એવું એના મુખ ઉપરથી મને લાગ્યું હતું.

“આ જે વન છેને એની સમગ્ર વનસૃષ્ટિ ચાહે તે ઝાડ હોય, છોડ હોય કે આ વનમાં ફરતા જીવો હોય કે પછી અમારા જેવા આદિવાસીઓ હોય બધાંને અમારા વનદેવતાએ જ બનાવ્યા છે. અમારા વનદેવતા પ્રચંડ તેજોમય ઊર્જા ધરાવનાર બાબા ભોલેશંકરની કૃપા પ્રાપ્ત કરી એક દિવ્ય દેવતાના

સ્વરૂપમાં આ ધરતી ઉપર પ્રગટ થયા હતાં અને ત્યારબાદ એમણે આ પૃથ્વી પર અલગ-અલગ જગ્યાએ એમના જમણા હાથમાં રહેલા દિવ્ય કળશના પવિત્ર પદાર્થથી આ પૃથ્વી પર અલગ-અલગ જગ્યાએ ચમત્કારિક પદાર્થનો છંટકાવ કર્યો હતો. એ ચમત્કારિક પદાર્થની દિવ્ય શક્તિઓથી આ પૃથ્વી પર જંગલો ઊભા થયા છે. વનદેવતા એક દિવ્ય અને ચૈતન્ય સ્વરૂપરૂપે દેખાતા, જમણા હાથમાં દિવ્ય પદાર્થનો કળશ, ડાબા હાથમાં લાલ રંગનું ધનુષ, માથા પર સુવર્ણ મુગટ અને મુખ પર ચમકતા દિવ્ય તેજ સાથે જે આદિવાસીએ ખરા દિલથી જંગલની સેવા કરી હોય એને દર્શન આપે છે." પીરમલ વનદેવતા વિશે બોલતો ગયો અને રસ્તો ધીમે-ધીમે કપાતો ગયો.

લગભગ વીસેક મિનિટ ચાલ્યા બાદ અમે એક છોડોના સમૂહ પાસે આવીને ઊભા રહ્યા. કુદરતી રીતે તે એક નાના ટેકરા જેવી બનેલી જગ્યા હતી. એમાં સાત-આઠ જાંબલી કલરના છોડ ઉગેલા હતાં અને એની ઉપર રાતા કલરના જાંબુ જેવા આકારના ફળ ઉગેલા હતાં.

પીરમલે અચાનક એ ટેકરી જેવા ભાગમાં જ્યાં અંદર હાથ જાય એટલી જ જગ્યા હતી એટલેકે એક રાફડા જેવી જગ્યા બનેલી હતી તેમાં હાથ નાંખ્યો. અમે કશું સમજીએ એ પહેલા જ એણે પોતાના હાથમાં એક મોટો સાપ લઇ લીધો. એણે હાથમાં લીધેલા સાપને જોઇને હું અને મારો મિત્ર ચાર-પાંચ ડગલા પાછા ગયા. મારો મિત્ર તો એ સાપની વિશાળતા જોઇને બીજા ઓર દસેક ડગલાં પાછો હટી ગયો.

"અરે! આ તો અમારા વનદેવતાનું વાહન છે. આને માથે લગાડી અને પછી જ જંગલની કસ્તુરીને ઉપયોગમાં લઇ શકાય અને આ જંગલની કસ્તુરીનો ઉપયોગ જંગલમાં જ ઊભા રહીને કરી શકાય." આટલું બોલતા બોલતા એણે સાપને એના ગળામાં વીંટાળી દીધો હતો.

" જંગલની કસ્તુરીનું સેવન કરવાની પદ્ધતિ શું છે અને એ કસ્તુરીના સેવનથી ફાયદો શું થાય? " મેં સાપના કારણે દૂર ઊભા રહી પીરમલને પ્રશ્ન પૂછ્યો હતો.

"જંગલની કસ્તુરીની કિંમત અમૂલ્ય છે. જે જંગલમાં આવી વનદેવતાના આ વાહનને કપાળે અડાડે અને પછી આ જંગલની કસ્તુરીનું સેવન કરે એનું ત્રીજું નેત્ર ખુલી જાય. ત્રીજું નેત્ર ખુલે એનો અર્થ એવો થાય કે એ આ કળિયુગમાં જ્ઞાની બની અગોચર વિશ્વના અને અધ્યાત્મના ભેદ ઉકેલી શકે અને વનદેવતા એના પર સદાય દિવ્ય આશિષ વરસાવતા રહે. આ હજારો વર્ષથી ઉગતી આ જંગલની કસ્તુરી ખૂબ ઓછી માત્રામાં થાય છે. જે વનદેવતાના આ વાહનને કપાળે અડાડે એને અમે આમાંથી ત્રણ ફળ તોડીને ખાવા માટે આપીએ છીએ અને આ ફળ ગ્રહણ કર્યા બાદ મનુષ્યમાં અધ્યાત્મનું જ્ઞાન ચારે દિશાઓથી એના મસ્તિષ્કમાં પ્રવેશી અને ઇશ્વરીય જ્ઞાન ખીલી ઉઠે છે. એ આ સકળ વિશ્વ અને બ્રહ્માંડને જાણી શકે છે." પીરમલે જંગલની કસ્તુરી વિશે સમજાવતા કહ્યું હતું.

"તમે આનું સેવન કર્યું છે?" મેં પીરમલને સીધો સવાલ પૂછ્યો હતો.

"આ ફળનું સેવન માત્ર બ્રહ્મચર્યનું પાલન કરનાર બ્રહ્મચારી જ કરી શકે. આ જંગલની કસ્તુરીના સેવન કરતા પહેલા અને સેવન કર્યા બાદ બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તેણે જ આ ફળને હાથ લગાડવો જોઇએ. માટે ભલભલા જ્ઞાનીઓ પણ અહીંથી પાછા જતા રહે છે. આજે તમે શું કરશો? બસ, એ જોવાનું રહ્યું." પીરમલે હસતાં હસતાં મારી સામે જોયું હતું.

"બ્રહ્મચર્યનું પાલન કરવાની તો મારી તૈયારી છે પણ આ કસ્તુરીનું સેવન કરતા પહેલા આ સાપને કપાળે લગાડવો પડશે?" મેં પીરમલને પૂછ્યું હતું. મારા મિત્રએ બૂમ પાડીને મને એની પાસે બોલાવ્યો.

"એ મૂરખના સરદાર, અધ્યાત્મના જ્ઞાનની લાલસામાં સાપ ડંખ મારશે અથવા તો આ ઝેરી ફળ જીવ લઇ લેશે. માટે બે હાથ જોડીને ના પાડી અને ઔષધિ જે લેવાની છે એ લઇને અમદાવાદ ભેગા થઇ જઇએ." મારા મિત્રએ ડરતા ડરતા મને કહ્યું હતું.

પરંતુ મારું મન, બુદ્ધિ અને દિલ ત્રણ એકી અવાજે જંગલની કસ્તુરી મને ગ્રહણ કરવાનું કહેતા હોય એવું મને લાગતું હતું પણ સાપને કપાળ પર લગાડવાનો ભય પણ મનમાં લાગતો હતો. હું મારી જાતને જંગલની એ કસ્તુરીના ફળને દૂર કરી શકવા માટેનું સામર્થ્ય ગુમાવી ચૂક્યો હતો.

"મને બધી શરત મંજૂર છે. પણ સાપને કપાળ પર ના લગાડીએ તો ચાલી શકે એવું નથી?" મેં પીરમલને પૂછ્યું હતું.

"વનદેવતાના વાહનને કપાળે ન લગાડો તો જંગલની કસ્તુરીનું પૂરું ફળ ક્યાંથી મળે અને હું એને મારા બંન્ને હાથોથી પકડીશ. તમે બે મિનિટ કપાળે લગાડી પાછા હટી જજો." પીરમલે મને હસતા હસતા કહ્યું હતું.

મેં મનોમન ઈશ્વરનું સ્મરણ કર્યું. પગમાંથી બુટ અને મોજા કાઢ્યા. હાથ અને પગ પાણીથી સાફ કર્યા. મારો મિત્ર મને ઇશારાથી રોકવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ આજે મને કોઇ રોકી શકે એવું મને લાગતું ન હતું. ખુદ હું પણ મારી જાતને રોકવા માટે સમર્થ ન હતો.

પીરમલે એના બે હાથમાં સાપને પકડ્યો હતો. સાપ લાંબો અને ડરામણો લાગતો હતો. મેં ધીરેથી નજીક જઇ મારું કપાળ સાપના બરાબર વચ્ચેના પેટના ભાગમાં લગાડ્યું. એક ગજબની ચીકાશ મને મારા કપાળ ઉપર મહેસૂસ થઇ. બે મિનિટ પછી સાપને લઇને પીરમલ પોતે પાછો ગયો. હું મારી જગ્યાએ સ્થિર પત્થરની જેમ ઊભો રહી ગયો હતો. મારા મિત્રએ આવીને મને ઢંઢોળ્યો હતો.

"હું હજી જીવું છું." મેં એની સામે જોઇને કહ્યું હતું.

"તમે આ છોડોમાંથી કોઇપણ ત્રણ ફળ તોડી લો." પીરમલે મને છોડ તરફ લઇ જતા કહ્યું હતું.

મેં છોડ ઉપરથી રાતા રંગના ત્રણ ફળ તોડી લીધા હતાં. એ ફળને પાણીથી સ્વચ્છ કરી વનદેવતાનું નામ લઇ વારાફરતી ત્રણેય ફળને વનદેવતાનો પ્રસાદ ગણીને મેં ગ્રહણ કર્યા હતાં.

તમે કદાચ નહિ માનો પરંતુ એ ફળ ગ્રહણ કર્યા બાદ મારા શરીરના રૂંવાડા ખડા થઇ ગયા હતાં. મારા આજ્ઞાચક્રમાં એક અજાયબ અને વર્ણવી ના શકાય એવી અનુભૂતિ થઇ રહી હતી. માથું જાણે આકાશમાં હોય અને પગ ધરતીના પેટાળમાં હોય એવું લાગતું હતું.

જંગલની કસ્તુરીએ મારી અંદર એક નવી ચેતના અને અધ્યાત્મની એક તેજોમય દિશા મને ખોલી આપી હતી. એવું તે ક્ષણે મેં મહેસૂસ કર્યું હતું.

મારા માટે તો કાયમ "એક હતું જંગલ" એમ નહિ, પરંતુ "એક છે જંગલ" એવું જ રહ્યું છે અને એવું જ રહેશે.

લિ.
ૐગુરુ



॥ ૐ નમઃ ॥

## જન્માષ્ટમીના પાવન અવસર પર ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં
## સદ્ગુરુ ૐઋષિ સ્વામીની અમૂલ્ય ભેટ એટલે



# શ્રીકૃષ્ણ બાવની



## શ્રીકૃષ્ણ બાવની

### સાખી

જગતગુરુ જગદીશની વાત, છે જગથી ન્યારી ।
બલિહારી શ્રીકૃષ્ણજી, તમ પર જાઉં વારી ॥

સૃષ્ટિ તણું કરવા કલ્યાણ, જગમાં જન્મ્યા શ્રી ગોપાળ ॥૧॥
દ્વાપરમાં લીધો અવતાર, આભથી વરસ્યો પુષ્પ પ્રસાદ ॥૨॥
કેશવે જાણ્યા જગના દુઃખ, એથી લીધું માનવ રૂપ ॥૩॥
જનની શ્રી દેવકીની કૂખ, શ્રી હરિ જન્મ્યા હસતે મુખ ॥૪॥
મથુરામાં છે મામો કંસ, કરવા એ રાક્ષસનો અંત ॥૫॥
કૃષ્ણ જન્મ છે બન્યો નિમિત્ત, જેથી થાય જગતનું હિત ॥૬॥
વાસુદેવ નીકળ્યા મધરાત, મૂશળધાર માથે વરસાદ ॥૭॥
પ્રભુનું એવું વરસ્યું વ્હાલ, યમુનાજીએ દીધો માર્ગ ॥૮॥
વિષ્ણુ પ્રભુનું આઠમું રૂપ, કૃષ્ણ કાનુડો દ્વારિકા ભૂપ ॥૯॥
કાનજી કેરા દશ અવતાર, કલ્કિ હણશે કળજુગના પાપ ॥૧૦॥
દેવદત્ત નામે લઈને અશ્વ, કરશે પીતાંબર પાપને નષ્ટ ॥૧૧॥
કરમાં ગ્રહી તલવારનું શસ્ત્ર, અધર્મીઓને દેશે શીકસ્ત ॥૧૨॥
મળે ન જગમાં જોટો લગાર, કૃષ્ણ લીલા છે અપરંપાર ॥૧૩॥
કૃષ્ણનું જેણે ધર્યું છે ધ્યાન, ઉતર્યા એ ભવસાગર પાર ॥૧૪॥
ધર્મનું રક્ષણ કરવા કાજ, કૈક અસુરના લીધા પ્રાણ ॥૧૫॥

॥ ૐ નમઃ ॥

ગોકુલ મથુરા દ્વારિકાધામ, ડાકોરરાયથી રીઝે આતમરામ ॥૧૬॥
છેડ્યા વાંસલડીના સૂર, વસ્યા શ્રી રાધિકાને ઉર ॥૧૭॥
ગોપીઓ સાથે કીધો રાસ, વરસાવ્યો સઘળે ઉલ્લાસ ॥૧૮॥
નંદ કુંવર જશોદાના લાલ, ગોપ ગોપીનું પામ્યા વ્હાલ ॥૧૯॥
કૃષ્ણની તો નહીં લીલાનો પાર, રાજી થાતાં નરને નાર ॥૨૦॥
ગોકુળ ઉપર વીફર્યો કાળ, બન્યા એ ત્યારે સૌની ઢાલ ॥૨૧॥
ટચલી આંગળી પર તત્કાળ, ઉંચક્યો ગોવર્ધન શો પહાડ ॥૨૨॥
પછી દ્વારિકા ગયા મહારાજ, દ્વારિકા જઈને કીધું રાજ ॥૨૩॥
પાંડવ કેરું જાણ્યું કષ્ટ, કરવા એને મૂળથી નષ્ટ ॥૨૪॥
સાબિત થઈને સાચા વીર, પાંચાલી કેરા પૂર્યા ચીર ॥૨૫॥
પાંડવ કૂલની રક્ષા કાજ, લાક્ષાગૃહમાં રાખી લાજ ॥૨૬॥
કુરુક્ષેત્રમાં ઉતાર્યા વીર, પાર્થનું મન ત્યાં થયું અધીર ॥૨૭॥
પાર્થના મનને કરવા સાર્થ, કહ્યું કૃષ્ણે બેસો પાર્થ ॥૨૮॥
ગીતા કેરો કીધો સાર, એને સમરે છે સંસાર ॥૨૯॥
એમ કર્યો અર્જુન તૈયાર, હર્યો માથેથી શોકનો ભાર ॥૩૦॥
વિરાટ દર્શન જોઈ પાર્થ, ચરણે ઝૂકી બોલ્યો હે નાથ ! ॥૩૧॥
આનંદ સાગર હે ગોવિંદ, ધન્ય કર્યો તમે મારો પિંડ ॥૩૨॥
નિભાવવા પોતાનો ધર્મ, કર્યા એમણે અવિરત કર્મ ॥૩૩॥
મેલ્યું ગોકુળ મથુરા મૂળ, છોડ્યું નંદ-જશોદા કૂળ ॥૩૪॥
ગાડે બેસી ગયા ડાકોર, કહેવાયા ડાકોર ઠાકોર ॥૩૫॥
કરી લીમડાની મીઠી ડાળ, તુલસી પત્રે તો કરી કમાલ ॥૩૬॥
નરસિંહને દેખાડ્યો રાસ, કૃષ્ણ પ્રભુ છે દાસના દાસ ॥૩૭॥
અમૃત કીધું મીરાનું વિષ, મેલ્યો કર હસી ધ્રુવને શીશ ॥૩૮॥

ભક્તએ કર્યો શ્રધ્ધાથી સાદ, આગમાંથી તાર્યો પ્રહલાદ ॥૩૯॥
નરસિંહ રૂપ ધરી વિકરાળ, હિરણ્ય કશ્યપ માર્યો ઠાર ॥૪૦॥
કૃષ્ણ લીલા ના અટકે ક્યાંય,એટલા છે એના અધ્યાય ॥૪૧॥
કૃષ્ણ તો છે વૈકુંઠના નાથ, હોય સદા ભક્તોની સાથ ॥૪૨॥
જ્યાં કેશવનું પૂજન થાય, ત્યાં લક્ષ્મીજી વસે સદાય ॥૪૩॥
ધરે કૃષ્ણને પ્રેમથી ભોગ, જાય પીડા સૌ ભાગે રોગ ॥૪૪॥
વદે વેદ ભાખે સંસાર,  કૃષ્ણ છે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અવતાર ॥૪૫॥
જે સમરે જદુરાયને નિત, કરે ન એનું કોઈ અહિત ॥૪૬॥
કૃષ્ણ સનાતન કૃષ્ણ છે સત્ય, કૃષ્ણ જ સહુ તથ્યોનું તથ્ય ॥૪૭॥
કૃષ્ણ વિના ના ફરકે પાન, કૃષ્ણ એટલે ત્રિકાળ જ્ઞાન ॥૪૮॥
દેવો પણ જ્યારે મૂંઝાય, કૃષ્ણ શરણમાં શોધે ઉપાય ॥૪૯॥
કૃષ્ણ સમયનું બીજું નામ, કૃષ્ણ એટલે ભક્તિધામ ॥૫૦॥
શામ-દામ હો કે દંડ-ભેદ, કૃષ્ણ ઉડાડે સૌનો છેદ ॥૫૧॥
જીતેન્દ્રિય છે શ્રી જગદીશ, ઈશ થી મોટા છે એ ઈશ ॥૫૨॥

**સાખી**

**'ૐઋષિ' રચિત કૃષ્ણ બાવની, સેવે જે નરનાર ।**
**મુક્તિ મળે સંસારથી, ખૂલે મોક્ષના દ્વાર ॥**

**॥ ઈતિ શ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી વિરચિત શ્રીકૃષ્ણ બાવની સંપૂર્ણ ॥**





## ભગવાન સિદ્ધિ વિનાયકના ઘરે બેઠાં ઊર્જા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે

# ચમત્કારિક મંત્રસાધના

### મંત્ર : ॥ ૐ ગણેશાય કાર્ય પૂર્ણાની વદમ નમઃ ॥

### ૐ શ્રી ગણેશ પ્રાંગ ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ प्रवाः ।। | ।। ॐ त्रवाः ।। | ।। ॐ रवाः ।। |
| ।। ॐ कावः ।। | ।। ॐ वावः ।। | ।। ॐ त्रावः ।। |
| ।। ॐ दीदः ।। | ।। ॐ वीदः ।। | ।। ॐ त्रीदः ।। |

### ૐ શ્રી ગણેશ ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।।८८८: ।। | ।।९९९:।। | ।।७७७:।। |
| ।।१११:।। | ।।३३३:।। | ।।५५५:।। |
| ।।६६६:।। | ।।७८६:।। | ।।८०८:।। |

### ૐ શ્રી ગણેશ રક્ષા ચક્ર



(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના ગણેશ ચતુર્થી ૨૦૨૪ થી ૨૦૨૫ સુધી કરવી. મંત્રદર્શનની આ સાધનાથી આપને ભગવાન ગણેશની કૃપા અવશ્ય પ્રાપ્ત થશે.



॥ ૐ નમઃ ॥

## સદ્ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ

# સફળતાના શિખરો
# સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.
# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ















ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

*આપ નોકરી બદલવા ઈચ્છતા હોય અથવા સારી નોકરી મેળવવા માંગતા હોય તો એ માટે*

### ૐ શ્રી શુભાંશુ મહાલક્ષ્મી કાર્ય ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
|  |  |  |  |  |
|  |  |  |  |  |
|  |  |  | ॥ ॐ धनीता:॥ | ॥ ॐ सावीता: ॥ |
| ॥ ॐ कावीता: ॥ | ॥ ॐ ववल्य: ॥ | ॥ ॐ दावीता: ॥ | ॥ ॐ नावील्य: ॥ | ॥ ॐ प्रजाकीता: ॥ |
| ॥ ॐ सुमाल्य: ॥ | ॥ ॐ त्रशीका: ॥ | ॥ ॐ वसम्य: ॥ | ॥ ॐ त्रुरीका: ॥ | ॥ ॐ राजस्व: ॥ |

*ઉપર આપેલ ૐ શ્રી શુભાંશુ મહાલક્ષ્મી કાર્ય ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. આપનું કાર્ય પરિપૂર્ણ થાય ત્યાં સુધી રોજ ૨૦ સેકન્ડ આ ચક્રને જોવું.*

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન વાદળી કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન વાદળી કલરના વસ્ત્રમાં ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ ગુલાબી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૮-૨૪ | બુધવાર | ૐ રક્ષિત્ય |
| ૨૨-૦૮-૨૪ | ગુરુવાર | ૐ નાવિત્ય |
| ૨૩-૦૮-૨૪ | શુક્રવાર | ૐ કુબેરદેવ |
| ૨૪-૦૮-૨૪ | શનિવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૨૫-૦૮-૨૪ | રવિવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી |
| ૨૬-૦૮-૨૪ | સોમવાર | ૐ સિદ્ધાદેવી |
| ૨૭-૦૮-૨૪ | મંગળવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૨૮-૦૮-૨૪ | બુધવાર | ૐ મહાગૌરીદેવી |
| ૨૯-૦૮-૨૪ | ગુરુવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૩૦-૦૮-૨૪ | શુક્રવાર | ૐ ઈન્દ્રદેવ |
| ૩૧-૦૮-૨૪ | શનિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૧-૦૯-૨૪ | રવિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૦૨-૦૯-૨૪ | સોમવાર | ૐ શ્રી ચક્રેશ્વરીદેવી |
| ૦૩-૦૯-૨૪ | મંગળવાર | ૐ શ્રી ગજલક્ષ્મીદેવી |
| ૦૪-૦૯-૨૪ | બુધવાર | ૐ શ્રી બુધદેવ |
| ૦૫-૦૯-૨૪ | ગુરુવાર | ૐ શ્રી ગુરુદેવ |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૦૯-૨૪ | શુક્રવાર | ૐ શ્રી શુક્રદેવ |
| ૦૭-૦૯-૨૪ | શનિવાર | ૐ શ્રી શનિદેવ |
| ૦૮-૦૯-૨૪ | રવિવાર | ૐ શ્રી સૂર્યદેવ |
| ૦૯-૦૯-૨૪ | સોમવાર | ૐ શ્રી ચંદ્રદેવ |
| ૧૦-૦૯-૨૪ | મંગળવાર | ૐ શ્રી મંગળદેવ |
| ૧૧-૦૯-૨૪ | બુધવાર | ૐ શ્રી રાહુદેવ |
| ૧૨-૦૯-૨૪ | ગુરુવાર | ૐ શ્રી કેતુદેવ |
| ૧૩-૦૯-૨૪ | શુક્રવાર | ૐ સર્વમનોકામના |
| ૧૪-૦૯-૨૪ | શનિવાર | ૐ શક્તિત્ય |
| ૧૫-૦૯-૨૪ | રવિવાર | ૐ ધારિત્ય |
| ૧૬-૦૯-૨૪ | સોમવાર | ૐ વજલ્ય |
| ૧૭-૦૯-૨૪ | મંગળવાર | ૐ દિવ્યતા |
| ૧૮-૦૯-૨૪ | બુધવાર | ૐ કાર્યસિદ્ધિતા |
| ૧૯-૦૯-૨૪ | ગુરુવાર | ૐ વાવિલ્ય |
| ૨૦-૦૯-૨૪ | શુક્રવાર | ૐ તારિત્ય |
| | | |

# • સટીક પ્રયોગ •

## ધનઊર્જા પ્રક્રિયા

આપ આપના જીવનમાં ધન-સમૃદ્ધિ વધારવા માંગતા હોય તો આપે તાંબાના લોટામાં રોજ પાણી ભરવું અને ઘરના ઈશાન ખૂણામાં મુકવું. બીજા દિવસે પાણી બદલવું. આ પ્રક્રિયા ૬૦ દિવસ સુધી રોજ કરવી અને રોજ **ૐકાર ચાલીસા**નો પાઠ એકવાર અલગથી આ નિમિત્તે મનોકામનાનો સંકલ્પ કરીને કરવો.

## જાહેર આમંત્રણ

### "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

### મંત્ર – દર્શન – ચમત્કાર

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૯ ઓગષ્ટ, ૨૦૨૪ - સોમવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્ર: 9537220959, 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org
**RNI GUJGUJ/2015/65690**
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of '**SEVA SAMARPAN FOUNDATION**' and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**